દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ ના ૪૯) નો અમલ રાજયમાં શરૂ કરતા સામાન્ય શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઉંમર ૬ થી ૧૮ વર્ષ સુધી પ્રવેશ આપવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૧૭/૯૬૪/ન
તા.૨૫/૯/૨૦૧૭

**પ્રસ્તાવના:**

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ ના ૪૯)ની જોગવાઇ મુજબ તમામ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને જે તે રાજય સરકાર તેમજ સ્થાનિક સત્તા મંડળો દ્વારા દિવ્યાંગોના શિક્ષણના વિકાસ અને પ્રસાર કરવા સમાનતક પૂરી પાડવાની ફરજ પાડે છે.

ઉક્ત જોગવાઇઓને અનુલક્ષીને જે તે સરકારી તેમજ બિન સરકારી તમામ શૈક્ષણિક સંસ્થાઓએ દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણની મુખ્ય ધારામાં સામેલ કરવાના હેતુથી તેઓને શિક્ષણમાં પ્રવેશ આપવા માટે તમામ પ્રકારના યોગ્ય પગલા લેવાનું ફરજીયાત છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને (The Right of persons with Disabilities Act-2016 માં દર્શાવ્યા મુજબની ૨૧ દિવ્યાંગતાઓ) શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશની સગવડો આપવાની અને તેમને અનુરૂપ યોગ્ય પર્યાવરણ ઉભું કરીને અસરકારકતાથી અમલીકરણ કરવાની ફરજ જે તે શૈક્ષણિક સંસ્થાઓની રહે છે.

## ઠરાવ:

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬(૨૦૧૬ ના ૪૯) નો કાયદો ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા તા.૨૭/૧૨/૨૦૧૬ ના રોજથી અમલમાં આવેલ છે. સદર કાયદાની જોગવાઇ કલમ નંબર-૩૧(૧ અને ૨) માં સૂચવ્યા મુજબ દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૬ થી ૧૮ વર્ષ સુધી નિ:શુલ્ક અને ફરજીયાત શિક્ષણ પોતાની પસંદગીની શાળામાં અથવા તો પોતાના નિવાસ સ્થાનથી સૌથી નજીકની સામાન્ય શાળામાં શિક્ષણ મેળવવાની સગવડ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઉક્ત વિચારણાને અંતે રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક, શાળા-કોલેજો, તાંત્રિક શિક્ષણ-પ્રશિક્ષણ, અવૈધિક અને વૈધિક શિક્ષણ, વૈકલ્પિક શાળા વ્યવસ્થા અંતર્ગત ચાલતા વર્ગો, પ્રૌઢ શિક્ષણ તેમજ શિક્ષણને

લગતા તમામ તાલીમી અભ્યાસક્રમોમાં ચલાવતી તમામ સરકારી-બિનસરકારી, અનુદાન મેળવતી કે અનુદાન ન મેળવતી તેમજ સ્વયં સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓએ દિવ્યાંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં પડતી અગવડતાઓ દૂર કરી પ્રવેશ આપવા સક્ષમ તબીબી અધિકારી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર ધરાવતા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬(૨૦૧૬ ના ૪૯)ની કલમ-૩૧(૧ અને ૨) મુજબ દિવ્યાંગ વિદ્યાર્થીઓ ૬ થી ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી નિ:શુલ્ક શિક્ષણ મેળવવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિ.), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (કમિશ્નરશ્રી શાળાઓ મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી, મારફત)
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જી.સ્વાન પર મૂકવા સારૂં.
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.